આ પુસ્તકનો નફો ધર્માદામાં વપરાશે.

શ્રી

વરસાદ વિલાપ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

પટેલ પરભુરામ નાનશા.

અમદાવાદ

ધી "વિક્ટોરીયા" પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. જટાલાલ મનસુખરામે છાપ્યો.

સંવત ૧૯૬૭ સને ૧૯૧૧

કીંમત રૂ ૦-૦-૩.

વરસાદ વિલાપ.

લાવણી છંદની ચાલ

અરરરર, અરે પ્રભુ મ્હેર તો કરો, દયા લાવિને મેઘ મોકલો,
ધાન્ય તો બળે વાવણીઓ સહુ, મેઘજી વિના દુઃખી તો બહુ,
ખેડુતો વીલાં મુખથી ફરે, ફિકર ઢોરની દીલમાં ધરે,
ભાવે કાષ્ટની શિર ભારીઓ, વૃક્ષ કાપીને ડાટ વાળીયો,
વનચરો બળી ખાખ સૌ થયાં, જુજ જીવડાં જીવતાં રહયાં,
જાનવરો વેચાય કોડીના મુલે, ઘાસના વિના વિપતીયો પડે,
અષાઢ માસની બીજ તો ગઇ, ઝબક વિજળી ક્યાં ઉડી ગઇ,
શ્રાવણ માસ તો ખાલી જાય છે, જીવજંતુઓ મરી જાય છે,
પાપ અમતણા પેખશો નહીં, ગુના બક્ષશો દયાળુ વહી,
પોકાર તો જરી સાંભળો હરી, ગાય ભેંસની વહાર તો કરી,
મનુષ્ય માત્રનો દોષ ના ધરો, અરજ આટલી ઉરમાં ધરો,
મતી આપણી પહોંચતી નથી, દેશબંધુઓ શી હવે ગતી,
બળદ બાપડા ઝાંખરા થયા, ઘાસ વગર તો લોહી ઉડી ગયા,
લુંટફાટની બુમ તો પડે, જીવ લોકના ચકડોળે ચડે,
ગરીબ લોકની રોજીયો ગઇ, મોંઘવારીઓ ચાલતી થઇ,

વિનતી ધરજ્યો ધ્યાન, સજનો વિનતિ—એ રાગ.

દયાળુ પ્રભુ વૃષ્ટિની કરજો સાહ્ય,
આ... દિવસ સુધી મેઘ ન આવ્યા, વસ્તીમાં થાય હાહાકાર. દયાળુ.

જગતપતિ તમો પાળક સૌના, છોરૂ ઉપર દયા લાવ[illegible]
છોરૂ તો કાંઇ ભુલ કરે પણુ, માબિત્ર કરે માફ. દયાળુ.
અમો અજ્ઞાની અંધ કહેવાઇએ, ચક્ષુ તમો દેનાર. ,,
પંદર વરસે પળીપા આવશે, વીશ વરસના આયુશ થાય. ,,
નવસેં નવાણું નદી સુકાઇ જાશે, સાપ આકારે સાબર થાય. ,,
કોઇ કોઇનું કાંઇ બુરૂ ન ઇચ્છે, સૌનુ ઇચ્છે સૌ સમાન. ,,
જગના વાસીયો સો સુખ ભોગવે, આનદ રહી આઠે જામ. ,,
દુનીયામાં દુકાળ પડે નહીં, લડે નહીં કોઇ દામ. ,,
પોતપોતાના ધર્મ પ્રમાણે, સર્વ ભજે ભગવાન. ,,

ભીક્ષા દેનેરે મૈયા પીંગલા—એ રાગ

માસ અષાઢો વહી ગયો, વિતે શ્રાવણુ માસ,
હજીય ન આવ્યો મેઘલો, સારી દુનીયામાં ત્રાસ—મેઘ પધારો મયાકારી.
સરોવરીયાં સુકાઇ ગયાં, નદી નાળાં સુકાય,
જળચર થળચર જળ વિના, પ્રાણી માત્ર પિડાય. મેઘ૦
ગાયો ઘાસ વિના મરે, વળ્યો ઢોરનો ઘાંણ,
અન્ન વિના મરે માનવી, જાય પ્રાણીના પ્રાણ. મેઘ૦
જોશીના જોશ જુઠા પડયા, વિતી અઘો એચાર;
ભુત ભવિષ્ય જુઠા પડયા, મેઘ સુણે ન પોકાર. મેઘ૦
મુસલમાનની બંદગી, મેઘે સુણી ન લગાર,
યજ્ઞ હોમ નીષ્ફળ ગયા, બન્યા સૌ લાચાર. મેઘ૦
હાટ જુવે વાટ વાણીયા, શેરીએ સોનાર.
લોકના ચોક ઉંચે જુવે, નયને આંસુની ધાર. મેઘ૦
ખેડુત શીમાડે રડે, રડે બાગોળે શ્વાન.

નિરખે ઉચું આકાશમાં, મેઘ મુકે ન માન   મેઘ૦
દડી દુખ ધાતા ઝાડ જે થાય ઢોરનો નાશ,
બ્રાહ્મણના ભાડુ ગયા, જ્યાં ત્યાં ત્રાસને ત્રાસ.   મેઘ૦
ગાય બળદ ભેંશા ઘણી, ખોટે દમડે વચાઇ,
ગાંસ ચાંમડાં કારણે, સોંઘાં લે છે કસાઇ   મેઘ૦
કેર કર્યો કાળો છપનીએ, રૂઝયો ઘા ન લગાર;
મ'તાને મારો ન મેઘજી, આગ્રો કરૂણા દાતાર.   મેઘ૦
વિદેશ રળવા જાય તે, આવે ચોમાસે ઘેર.
નિરખી વાટ વસુધા જુવે, કરે મેઘ ન મ્હેર,   મેઘ૦
નાથ દેખતાં નારનાં, ગ્રિષ્મ બાળે છે ચીર;
વ્હાર કરો તો ભુમી સજે, લીલી સાડી શરીર.   મેઘ૦
શું ઝઝુ કહીએ અમે, તમે છો પ્રતિપાલ,
કરુણા નિધિ કરુણા કરી, બાળની લ્યો સંભાળ   મેઘ૦
વિનતીએ કીયા શબ્દમાં, થાય તાતને તોષ,
નિકળ બાળ ચેષ્ટા કરે, કરે તાત ન રોષ.   મેઘ૦
પ્રાણી માત્રની તરફથી, કરૂં વિનતી મહારાજ
સાંકળચંદ કહે દામુકી, વરસો તો રહે લાજ.   મેઘ૦

રાગ સારંગ.

મન માને નહીં સો ફેરા સમજાવું તોય શું થાય—એ રાગ.

જગજીવન પ્રાણ વરસાદે આ વેળા વાર ઘણી કરી,
સુણો મેઘ મયાળ દ્રષ્ટિ કરી સૃષ્ટિની આશિશ લ્યો ખરી;   ટેક.
સતયુગમા માગ્યા મે મળતા, કળજુગ મે વિણુ ઉંચ્ચ ટળવળતા,
અન્ન ફળ વિણુ ઘાસ ભુખે મરતા.   જગજીવન૦

નથી વાંક તમારો મહારાજા, અવગુણ અમારો છે ઝાઝા,
તજી કુળ મરિયાદાને માઝા. જગજીવન.
કળિયુગમાં કુપુત્રો પાકયા, ગુણીજન સમજાવીને થાક્યા,
જાુઠ અનાચાર મદમાં છાકયા. જગજીવન.
પણ છોરૂ કછોરૂ જો થાયે, માવિત્ર પવિત્ર ન પલટાએ,
હિતજળ મનોદધિમાં નવ માયે. જગજીવન.
દુ:ખનીએ કેર કર્યો કાળો, બહુ શિક્ષા થઇ આંટી ટાળો;
પ્રતિપાળ બિરૂદ વરશી પાળો જગજીવન.
હમણાં પૃથ્વિપર જે રાજા, તે સહુ છે આપવડે તાજા,
સૌ શિર છત્રપ તું મહારાજા. જગજીવન.
રક્ષણ કરી રાજા કર લે છે, વિણ કર જીવન જળ તું દે છે,
સૌ મેઘરાજ તેથી કહે છે. જગજીવન.
કહેશો નથી જન શિષ્ટાચારી, પણ પશુપંખી કરૂણા ધારી.
જળ વૃષ્ટિ વરસાવો ભારી. જગજીવન.
પ્રભુ ગરીબ ગાયની વ્હાર કરો, સુકાં સરોવરમાં નીર ભરો,
જળચર થળચર પર મ્હેર કરો જગજીવન.
હવે મેઘરાજ આંટી તજશે, નીલસાડી ભુમાતા સજશે,
કવિ ભજન કરી જળધર ભજશે. જગજીવન.
સુણી સ્તવના મેઘ થયા રાજી, ઉંડે ખદ્યોત રહ્યા ગાજી,
સાંકળચંદ સૌ બાજી તાજી. જગજીવન.

અલબેલીરે અંબેમાત જોવાને જઇએ—એરાગ.

આવો આવોરે મેઘ મયાળ, વસુધાની વ્હારે;
વરશાવો "વારી" વિશાળ, મુશળ સમ ધારે. એ ટેક.

કામુદી કંત વિના મુઝાતા, નયને આંસુ ઢાળેરે,
પતિવીણ સતિપર ગ્રિષ્મ અવર નર, કુડી નજરે બાળે. વસુધાની.
આપ વિના તે તાપ તપાવી, વિરહીને વધુ બાળેરે;
આભુષણ સૌ ખેંચી લીધાં, હીર ચીર પરજાળે. વસુધાની.
આઠ માંસ વિદેશ રહી નર, ચોમાસે ઘેર આવેરે;
વિરહી સ્ત્રીના વિરહસમાવે, વસ્ત્રા ભુષણ લાવે. વસુધાની.
વર્ષાકાળ વિત્યો પણ નાવે, મેઘ નમેરા નાથરે;
વિરહી વસુધા આંસું ઢાળે, નાથ છતાં શું ? અનાથ. વસુધાની.
ઘાસ ચાસને જળ વિણ પ્રાણી, મરે તરફડી થોકરે;
સુકાં સરૌવરમાં મીન દરદુર, જળ વિણ પાડે પોક. વસુધાના.
અન્ન વિના કૈ ભુખે મરતા માંનવિયો લાચારરે;
ત્રાસ ધરે આકાશ નિહાળી, પડે ન બિંદુ લગાર. વસુધાની.
ગાય બળદને ભેંશો દમડે, બજારમાં વેચાયરે;
કથાઇ માંસ ચાંમડાં કાજે, લે જુજ કિમ્મત દાય. વસુધાની.
ધિરધાર વ્યવહાર પડયો બંધ, વણુજ અને વહેપારરે
ત્રાહય ત્રાહય મહારાજ મેઘ વીણ, વસુધામાં આવાર. વસુધાની.
અલ્પ લખ્યું બહુ માની પધ્રારો, તો રહેશે અમ લાજરે;
સાંકળચંદ સકલ પ્રાણીની, અરજ સુણો મહારાજ. વસુધાની.

હિત શીક્ષા.

દોહરા.

કરી પ્રાર્થના મેઘની, કરશે કબુલ દયાળ;
કરૂણા આણી વરસશે, જીવન જગ પ્રતિપાલ.

પણ આ વસુધામાં વધ્યાં, પાપ શ્રાપ પરિતાપ;
અભિમાન ઇર્ષા વધ્યાં, ભ્રષ્ટાચારની છાપ, ૨
નાટકને હોટેલથી, વધ્યા કુછંદ અપાર;
ઉચ્ચ કુળ મરજાદા તજી, કરે નીચ આચાર. ૩
વધ્યો ઉચ્ચમાં માંસને, દારૂનો વ્યવહાર;
હાહાકાર ઘણો થયો, ધિક્ક નર તે અવતાર. ૪
ધર્મ કર્મ આચારમાં. રહયો ન કાંઈ વિચાર;
એકજ ભાણે ઉચ્ચને, નીચ જમે આવાર. ૫
નવિન પંથ નિકળ્યા ઘણા, ગ્રહસ્થ ગુરૂના પથ;
મુળ માર્ગને તોડવા, રચ્યા પ્રપંચી ગ્રંથ. ૬
વિધવાના ટોળાં વિશે, મહાલે કોઇ બગુભકત;
કાન રમે જેમ ગોપિમાં, તેમ તે નર આશકત. ૭
હૃદય દેર મુખ મંગળા, શિવ શિવ કહે કુભકત;
રામ નામ શુક ઉચ્ચરે, રામથી રહે વિરકત. ૮
ભોળાજન ભરમાવવા, કરે ધર્મ મિષ ફંદ
આપ્ત પુરૂષને ઓળવે, નિંદે મુનીના વૃંદ. ૯
એમ અનેક પ્રકારથી, થયો અનીતિ પ્રચાર;
સમજ્યા વિના સ્વતંત્રતા, ધરે મુર્ખ સરદાર. ૧૦
સંપ જંપ નહિ સ્વજનમાં, ક્લેષ દ્વેષ બહુ ઠામ;
ન્યાત જાતમાં સંપ નહિ, દેશ દાઝ નહિ નામ. ૧૧
કુડ લેખ કુડ શાખથી, બોલે જુઠીયા સાવ;
કરે ઘાત વિશ્વાસનો, ચોરી જારી એકાંત. ૧
વિનય વિવેક ઘટયો વધ્યાં, વ્યસન અને વ્યભિચાર;
ઘટી સવિદ્યા આર્યની, અવિદ્યા વધી અપાર.

એવા કળિયુગ સમયમાં, મેઘ થયા પ્રતિકુળ;
સદાચાર જો પાળશો, તો થાશે અનુકુળ. ૧૪
સ્વધર્મમાં દ્રઢ રહી સદા, ધરશો પ્રભુનુ ધ્યાન,
સ્વાર્થ તજી પર્માર્થમાં, બનશો જો ગુલતાન. ૧૫
નેક ટેક નીતિ જાળવી, જો કરશો સૌ કાજ;
રાજી રહેશે તો પ્રભુ, વરસે મેઘ મહારાજ. ૧૬
સાંકળચંદ કહે સદા, હિતશિક્ષા ભલી પેર,
મેઘ પધારી મહી તણે, કરશે લીલાલે'ર. ૧૭

સમાપ્ત.

